ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૬ ટકા

# બાળકોને રમવાના સાધનો ઉદ્‌ઘાટન પહેલાં જ તૂટેલી હાલતમાં

## રિનોવેટ થઇને તૈયાર થઈ ગયેલા સે-૩ના નવા નક્કોર બગીચામાં બાળક રમશે તો તેના હાડકાં ભાંગશે..!!! : પ્રજાના પરસેવાના પૈસે બગીચામાં ખરીદવામાં આવેલા સાધનોમાં મોટા ભ્રષ્ટાચારની શંકા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ગ્રીનસીટીનું તો બિરુદ ગુમાવી ચક્યું છે પરંતુ ગુજરાતના ગાર્ડન સિટી તરીકે રાજ્યમાં જાણીતું છે. તાજેતરમાં જ શહેરના લગભગ તમામ બગીચાનું રિનોવેશન હાથ ધરવામાં આવ્યું છે જે પૈકી કેટલાંક બગીચાના કામ પૂર્ણ થઈ ગયાં છે તો કેટલાંક બગીચાના રિનોવેશન ચાલુ છે. જોકે જે બગીચાના કાર્યો પૂર્ણ થઈ જશે અને તેનું લોકાર્પણ કરવામાં આવી રહ્યું છે તેમાં પણ ભ્રષ્ટાચાર ઊડીને આંખે વળગે છે જેમ કે સેક્ટર-૩ ખાતે જે બગીચાનું રિનોવેશન કાર્ય પૂર્ણ કરીને જેના લોકાર્પણની રાહ જોવાઈ રહી છે તે બગીચામાં ઉદ્‌ઘાટન પહેલાં જ બાળકોને રમવાના નવાનક્કોર સાધનો તૂટેલી હાલતમાં જોવા મળી રહ્યાં છે.

નાનાં બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત ગમત એ ખૂબ જ અગત્યનું પરિબળ ગણાય છે પરંતુ તાજેતરમાં ગાંધીનગરમાં રિનોવેટ કરવામાં આવેલા બગીચાઓમાં જો બાળક રમવા જશે તો ઈજાગ્રસ્ત થશે તેવી સ્થિતિ જોવા સર્જાવા પામી છે. લાખોના



ખર્ચે રિનોવેટ કરવામાં આવેલા આ બગીચા દૂરથી તો રળિયામણાં દેખાય છે પરંતુ નજીક જતાં જ તેની વાસ્તવિકતા ચોંકાવી દે તેવી છે. નાના ભૂલકાંઓ માટે તેમની રમત દરમ્યાન તેમની સલામતી જળવાય અને તેમને કોઈ ઈજા ના થાય તે માટે તેમના માબાપ સતત ચિંતિત હોય છે. જોકે સેક્ટર-૩ના બગીચામાં નાના ભૂલકાંઓ માટે રમવા માટે મૂકવામાં આવેલાં રમતગમતનાં સાધનો જેવા કે હિંચકા, લપસણી ઊંચક-નીચક વગેરે બાળકોને આનંદિત કરવાને બદલે ઈજાગ્રસ્ત કરી હૉસ્પિટલ ભેગા કરે તેવી હાલતમાં જોવા મળી રહ્યાં છે. આ નિહાળીને પોતાના બાળકોને નવા બગીચામાં રમાડવા લઈને આવેલા સેક્ટરવાસીઓ અચંબિત થઈ રહ્યાં છે. એક તરફ બાળકો હીંચકા લપસણી ઊંચક-નીચક વગેરે જોઈને રમવાની જીદ કરતું હોય ત્યારે જેના નટ-બોલ્ટ પણ નીકળી ગયેલા હોય અને લપસણીમાં બાળકના શરીરે ઘસરકા પડી જાય અથવા ચીરાઈ જાય તેવી રીતે વાપરે પહેલાં જ ફાટી ગયેલી સપાટી ધરાવતી હોય તેવા સાધનોમાં માબાપનો જીવ બાળકને રમવા દેવા માટે કેવી રીતે ચાલી શકે? પ્રજાના પરસેવાની કમાણીમાંથી લાખ્ખો રૂપિયાના ખર્ચે રિનોવેટ કરવામાં આવેલા બગીચાના આ સાધનોમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનું સ્પષ્ટ દેખાઈ આવે છે જેની યોગ્ય તપાસ કરીને થોડાક નાણાં માટે કુમળાં બાળકોની સુરક્ષા સાથે બાંધછોડ કરનારાં જવાબદાર તત્વોને સખત સજા થવી જોઈએ તેવી સેક્ટરવાસીઓમાં માંગ પ્રવર્તી રહી છે.

## લાયોનેસ કલબ દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયું



ગાંધીનગર, તા.૨૬

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં લાયોનેસ કલબના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ સભ્યોએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. કલબ દ્વારા હાઉસી અને જુદી જુદી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ સભ્યોએ ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લઈ ઈનામો પ્રાપ્ત કર્યા હતા. લાયોનેસ કલબના પ્રમુખ નીતાબેન રાણા તથા સેક્રેટરી ઉષાબેન ટાટુએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માન્યો હતો.

## ગાંધીનગર લોકસભા વિસ્તાર માટે ભાજપ દ્વારા ક્રિકેટ અને કબડ્ડી ટૂર્નામેન્ટ 'જીએલપીએલ-૩૭૦'નું આયોજન

ગાંધીનગર તા.૨૬

અત્યારે દેશભરમાં ક્રિકેટની રમતનો માહોલ છવાયો છે ત્યારે ગાંધીનગર લોકસભા બેઠકના સંસદીય વિસ્તારમાં યુવા ખેલાડીઓને પ્રોત્સાહન આપવાના હેતુથી ભારતીય જનતા પાર્ટી દ્વારા ક્રિકેટ અને કબડ્ડી જેવી રમતોની ટુર્નામેન્ટનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જીએલપીએલ-૩૭૦ એટલેકે ગાંધીનગર લોકસભા પ્રીમિયર લીગ નામ હેઠળ આયોજિત કરવામાં આવેલી આ ટુર્નામેન્ટની ક્રિકેટ સ્પર્ધામાં વિવિધ સાત ગ્રુપ અંતર્ગત ૧૬ થી ૪૦ વય જૂથના ખેલાડીઓની નોકઆઉટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે. જીએસપીએલમાં પ્રત્યેક મૅચ દસ દસ ઓવરની રમાડવામાં આવશે જેમાં ગાંધીનગર - અમદાવાદ શહેર અને જિલ્લાના ખેલાડીઓ જ ભાગ લઈ શકશે. કબડ્ડીની રમતમાં ખેલાડીઓની ટીમ સાથે ટૂર્નામેન્ટ યોજવામાં આવશે જેમાં પ્રત્યેક ટીમ ત્રણ ખેલાડી અવેજીમાં રાખી શકશે.

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે વાલી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨નાં ૧૬૦ વિદ્યાર્થીઓના વાલીઓ વાલી ચિંતન શિબિરમાં હાજર રહ્યા હતા. જેમાં શાળાના આચાર્ય મેડમ ભાવનાબા વાઘેલાએ સર્વે વાલીઓનું શાબ્દિક સ્વાગત કરી શાળા દ્વારા ઘડવામાં આવેલો એકશન પ્લાન વાલીઓ સમક્ષ રજુ કર્યો હતો.



## સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે બંધારણ દિનની ઉજવણી



ગાંધીનગર, તા.૨૬

એન.એસ.એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા ૭૨માં બંધારણીય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમો કોલેજના આચાર્ય ડૉ.એમ.જી. ભટ્ટની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોલેજ સ્ટાફ, એન.એસ.એસ.ના સ્વયં સેવકો, કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તરપદા દ્વારા બંધારણીય શપથ લેવડાવી બંધારણનું મહત્વ પ્રસ્થાપિત કરવામાં આવ્યું હતું.

## આજે મુક્તિધામ ખાતે શૌર્યગીતો, લોકગીતો તથા દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

કોરોના મહામારી દરમ્યાન જ્યાં દિવસ રાત કોરોના મૃતકોની ચિતાઓ ભડભડ સળગ્યા કરતી હતી તેવા સેક્ટર-૩૦ના મુક્તિધામ ખાતે કોરોના મૃતકોને શ્રધ્ધા સુમન અર્પણ કરવા સાથે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તા.૨૭મી નવેમ્બર શનિવારના રોજ રાત્રે ૯ થી ૧૧ દરમ્યાન એક લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી આયોજિત કરવામાં આવેલા આ લોકડાયરામાં શૌર્યગીતો, લોકગીતો તથા દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ શહેરના લોકકલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ તથા ભાજપ ગાંધીનગર મહાનગરના પ્રમુખ રુચિરભાઈ ભટ્ટ અને મહામંત્રી ગૌરાંગ પટેલ મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આ લોકડાયરામાં ગાંધીનગરના જાણીતા લોકગાયક રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ, તથા આકાશવાણી રેડિયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ સહિત અન્ય કલાકારોમાં મધુભાઈ વાળા, સુલોચના વ્યાસ, પ્રભાતસિંહ પરમાર અને શારદાબેન પ્રજાપતિ લોક ગીતો અને લોક સાહિત્યને સંગીત સાથે પીરસશે. લોકડાયરામાં વાદ્યવૃંદમાં વિશાલ પંડ્યા, રજનીકાંત સુથાર અને રમેશ રમકડું તેમનો સાથ આપશે. આ લોકડાયરાનો વિના મૂલ્યે આનંદ માણવા ગાંધીનગરની જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સે-૩ ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા લોકડાયરો યોજાયો

ગાંધીનગર, તા.૨૬

સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા પ્રથમ સ્નેહમિલન તથા લોક ડાયરાનું સુંદર આયોજન સેકટર-૨માં કરાયુંહતું. આ પ્રસંગે ગાંધીનગર મનપાના નવ નિયુક્ત ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ તેમજ ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ અને વોર્ડ નં.૯ના નવા ચૂંટાયેલા નગરસેવકો રાજુભાઈ પટેલ, ડૉ. સંકેત પંચાસરા, શૈલાબેન ત્રિવેદી તેમજ ભાજપ સેલના અ.જા.ના મહામંત્રી વિક્રમભાઈ ચૌહાણ, વોર્ડનં.૯ના પ્રમુખ કમલેશ બેંકર અને શહેર ભાજપ મહામંત્રીઓ અને ઉપપ્રમુખોનું સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિના હોદ્દેદારો દ્વારા શિલ્ડ તેમજ શાલ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ગુજરાતના જાણીતા લોક ગાયક પ્રભાતસિંહ પરમાર, રાજુભાઈ શ્રીમાળી, આકાશવાણી રેડિયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ, કોકીલ કંઠ ચંદ્રિકાબેન ડાભી દ્વારા લોક ડાયરાની રમઝટ બોલાવવામાં આવી હતી. જેનો મોડી રાત સુધી નગરજનોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિક્રમ દેસાઈ (પ્રમુખ, સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ) અને તેમની ટીમના સભ્યો દ્વારા ભારે પ્રયાસ થયો હતો. આ સમિતિના સલાહકાર ભાનુભાઈ દવે, મૃગેનભાઈએ એન્કરીંગ કર્યું હતું.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે યોજાઈ હતી. જેમાં બંધારણ દિન નિમિત્તે કોર્ટ પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા ભારતીય બંધારણ તેના આમુખ આર્ટીકલ્સ અને વિવિધ



શિડયુલો વિશે છણાવટ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેલ શાળાના પ્રિન્સિપાલ રમીલાબેન ચૌધરી દ્વારા બાળકોના અધિકારો વિશે વિસ્તૃત સમજણ આપી તેમજ શિક્ષિકા કોકીલાબેન ગોહિલે બંધારણની રચના વિશે વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ ૩૦૦ વિદ્યાર્થીનીઓ તેમજ સમગ્ર શિક્ષણ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમમાં ભારતીય બંધારણ દિવસ ઉજવાયો




ગાંધીનગર, તા.૨૬

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ભારતીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિમળાબેન અયાચી, વિનયકાન્ત ડોડીયા, વિપુલભાઈ વાઘેલા, હિરલ અપાચી, યુવરાજસિંહ રાણા ઉપસ્થિત રહ્યા હતા. જેમાં દેશભકિતના નારા સાથે રેલી કાઢવામાં આવી હતી.

## ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમીની ટીમનો અમદાવાદની ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમીની ટીમે અમદાવાદની શિવશક્તિ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં પિનાક સ્પોર્ટ્સ ઈલેવનની ટીમને હરાવી સેમિફાઈનલમાં પ્રવેશ મેળવ્યા બાદ સેમિફાઈનલમાં ક્રિકસ્ટાર એકેડમીની ટીમને હાર આપી હતી.

ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમી પિનાક સ્પોર્ટ્સ ઈલેવન સામે ચાર વિકેટે જીત મેળવી હતી જેમાં પ્લેયર ઓફ ધ મેચ બનેલા કમલેશ ઠાકોરે માત્ર આઠ રનમાં ત્રણ વિકેટ ઝડપી ટીમને વિજય અપાવ્યો હતો. પિનાક સ્પોર્ટ્સ ટીમે પહેલા બેટિંગ કરતાં અત્રી રાવલની અડધી સદીની મદદથી ૮ વિકેટે માત્ર ૯૮ રનનો સ્કોર કર્યો હતો જેના જવાબમાં ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમીની ટીમે ૧૮ ઓવરમાં ૬ વિકેટે ૧૦૨ રન કરીને જીત મેળવી હતી. જીએસીટી ટીમ વતી કમલેશ ઠાકોર, યુવરાજસિંહ અને રોહન મિસ્ત્રીએ ત્રણ ત્રણ વિકેટ ઝડપી હતી.

આ સાથે સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યા બાદ જીએસટીની ટીમે ક્રિકસ્ટાર એકેડમીની ટીમને પાંચ વિકેટે પરાજય આપ્યો હતો. સેમીફાઈનલમાં પહેલાં બેટીંગ કરતાં ક્રિકસ્ટાર એકેડમીની ટીમ માત્ર ૧૬ ઓવરમાં ૭૨ રને ઓલઆઉટ થઈ ગઈ હતી. જીએસએની ટીમે કેપ્ટન આર્યદેવસિંહ વાઘેલાના નોટઆઉટ ૩૧ રન સાથે પાંચ વિકેટે વિજય મેળવ્યો હતો. આ મેચમાં માત્ર ૧૪ રનમાં ક્રિકસ્ટાર એકેડમીની ૩ વિકેટ ઝડપનાર જીએસએના બોલર જય પટેલને પ્લેયર ઓફ ધ મેચનો ખિતાબ આપવામાં આવ્યો હતો. આ જીત સાથે જ જીએસએની ટીમે ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

## આજે સરગાસણ ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૨૬

સરગાસણ ખાતે રાધે આર્કેડ એસબીઆઈ બેંક પાસે રીંકલ પટેલના કિલનીક ખાતે ૨૭મીએ સુંદરકાંડ પાઠ યોજાશે. જે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સાંજે ૪થી૬ કલાક દરમિયાન યોજાનાર છે. ઉપરાંત સેકટર-૨૬ ગ્રીનટીસી બી-૭૪ ખાતે ધર્મેન્દ્ર પંડયાના નિવાસસ્થાને રાત્રે ૮ કલાકે સુંદરકાંડ પાઠનું આયોજન કરેલ છે. જેથી નગરજનોને આ સુંદરકાંડ પાઠમાં પધારવા સુંદરધામ પરિવાર તરફથી નિમંત્રણ આપવામાં આવ્યું છે.

## વોર્ડ નં.૧૦માં નગરસેવકોની અનોખી સુવિધા

ગાંધીનગર, તા.૨૬

વોર્ડ નં.૧૦માં રહેતા વસાહતીઓ માટે કોર્પોરેશનને લગતી અપાતી સુવિધાઓમાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે કોર્પોરેટરો જે તે સ્થળ પર હાજર રહેશે. સવારે ૧૦ કલાક પછી દર મહિનાના બીજા અને ચોથા અઠવાડિયે નગરસેવકો સ્થાન પર મળશે. જેમાં વોર્ડ નં.૧૦ના વિસ્તાર સેકટર-૧, ૬, ૭, ૮ તથા રાંદેસણ, રાયસણ, કોબા તથા તેના ટીપી વિસ્તારમાં નગરસેવકો હાજર રહેશે ત્યારે શનિવારે સેકટર-૧ અને સે-૮માં મહાકાલેશ્વર મહાદેવ અને સે-૮નું શોપિંગ સેન્ટર વિસ્તારમાં, રવિવારે સેકટર-૬ની ઈન્કવાયરીમાં અને સે-૭ની ઈન્કવાયરીમાં, સોમવારે રાંદેસણ ગ્રામ પંચાયતની કચેરી અને રાયસણ ગ્રામ પંચાયતની કચેરી ખાતે તથા મંગળવારે કોબા ગ્રામ પંચાયતની કચેરી, બોહરા સ્ટુડિયો, સીટી પલ્સ પાસે વોર્ડ નં.૧૦ના નગરસેવકો જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે સ્થળ પર જ હાજર રહેશે. જેમાં મહેન્દ્ર પટેલ, પોપટસિંહ ગોહિલ, મીરાબેન પટેલ, તેજલબેન નાયી ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વ્યાસ અંજલીબેન મયુરભાઈ, ઉ.વ. ૮૪, સેકટર-૭
- સ્વ. પટેલ રામાભાઈ નરસિંહદાસ, ઉ.વ. ૭૭, સેકટર-૨૬

## જન્મદિને વધામણી



જિજ્ઞેશ જાની
પ્રેસ ફોટોગ્રાફર, (પાયલ સ્ટુડિયો)
મો. ૯૪૨૮૫ ૯૫૯૭૬



સાર્થક ગૌતમ
જીએસપીસીએલ
મો. ૯૮૨૫૦ ૦૫૪૩૬




તુષાર સી ધનેશ્વર
મો.૯૮૯૮૫ ૨૭૪૬૦



નિકુંજ વૈશ્યક
તસવીરકાર
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



હિતાર્થ વિપુલકુમાર દરજી
મો. ૯૭૨૩૬ ૨૩૧૪૪



હની મિતેષકુમાર પટેલ



દેવલ જિતેન્દ્રકુમાર રાણા
મો. ૯૦૧૬૭૩૧૧૪૪



ચિરાગ ગુણવંત ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬



દીપિકા રવી પટેલ
માલિક, નિરવી હર્બલ માર્ટ



શ્લોક રવી પટેલ
મો. ૮૨૦૦૯ ૦૯૦૭૭